॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | કારતક વદ : ૦૬ | સોમવાર | તા.: ૧૪.૧૧.૨૦૨૨ | SDP No. : 935 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

બાળ સંસ્કાર કેન્દ્ર તેલંગણા આંધ્રપ્રદેશ રીજીયન માં મિશન અભિમન્યુ નો શંખનાદ .

મિશન અભિમન્યુ - કરીમનગર (તેલંગણા) TAP રીજીયન

કરીમનગર (તેલંગાણા) માં મિશન અભિમન્યુ નો દ્વિતિય સાપ્તાહિક કેંદ્ર માં ભાગ લેવા માટે બાળકોની વૃદ્ધી સાથે સફળ આયોજન કરવામાં આવેલ હતું.

નિઝામાબાદમાં મિશન અભિમન્યુ - હનુમાન મંદિર સારંગપુર પિકનિક

નિઝામાબાદ માં મિશન અભિમન્યુ અંતર્ગત ચાલી રહેલ બાળ સંસ્કાર કેન્દ્ર ના બાળકો ને રવિવાર તા.૧૩ નવેમ્બર ના રોજ સવારના નિઝામાબાદ શહેર ના નજીક આવેલા હનુમાન મંદિર સારંગપુર પિકનિક નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બાળકોને રમત-ગમત સાથે હનુમાન ચાલીસા નો પાઠ કરાવેલ.

આ પિકનિક નું સંચાલક ટીમ હેમલતાબેન દિવાણી, જયાબેન પોકાર, વિણાબેન ભાદાણી અને કુમારી હર્ષીતા એ સાથ સહકાર આપેલ હતો.

સંકલન : પ્રવિણ કુમાર નારાયણ સાંખલા (નિઝામાબાદ).

સંયોજક : જસવંત સુરાણી - સિકંદરાબાદ

સનાતન બાળ સંસ્કાર કેન્દ્ર- મહાડ યુવા મંડળ (DMG)

મિશન અભિમ્યું કોન્સેપ્ટ અંતર્ગત મહાડ યુવા મંડળ માં બાળ સંસ્કાર કેન્દ્રનું આયોજન કરવામાં આવેલ.જેમાં સ્થાનિક સમાજના પ્રમુખ ગંગારામભાઈ પોકાર, મહિલા મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન પોકાર તેમજ યુવા મંડળના ચેરમેન નરેન્દ્ર પોકાર ના હસ્તે દીપક પ્રાગટ્ય કરી બાળ સંસ્કાર કેન્દ્ર અંતર્ગત મિશન ની શરૂઆત કરવામાં આવેલ. યુવા મંડળના પ્રતિનિધીએ પોતાની સમાજની મહિલામંડળ માં બાળસંસ્કાર કેન્દ્ર ચાલુ કરવામાટે સંચાલન કરનાર પાંચ બહેનોપ્રભાબેન પોકાર, રીટાબેન ગોરાણી, ગાયત્રીબેન ભગત, માનસી બેન પોકાર, વિદ્યાબેન દીવાણી એ મિશન અંતર્ગત માહિતી પત્ર મુજબ શ્લોક અને બોધ વચન, શૌર્યની વાર્તા, વાર તહેવારનું મહત્વ ગીતા જ્ઞાન અને સંસ્કાર, ભાવગીત રમતગમત સાથે બાળકોને મોજ કરાવેલ.કાર્યક્રમ ના અંતમાં સ્થાનિક સમાજના પ્રમુખ તેમજ મહિલા મંડળના પ્રમુખ તેમજ યુવા મંડળના ચેરમેન દ્વારા ઉદબોધન સાથે માર્ગદર્શન આપવામાં આવેલ.

સામાજિક & આધ્યાત્મિક સમિતી

ભાવનાબેન પોકાર, PDO લતાબેન ચૌહાણ.

(દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન)

મુસાપેટ કુકટપલ્લી હૈદરાબાદમાં માં મિશન અભિમન્યુ કાર્યક્રમ

આજના સ્પેશ્યલ સેશનમાં સર્વે બાળકોએ લાલ કલરના વસ્ત્ર ધારણ કરી સ્પેશ્યલ બનાવવા માં સહયોગ આપ્યો હતો.

મુસાપેટ કુકટપલ્લી એરીઆ માં મિશન અભિમન્યુ નું ભવ્ય આયોજન

આજના સ્પેશ્યલ સેશનમાં સર્વે બાળકોએ લાલ કલરના વસ્ત્ર ધારણ કરી સ્પેશ્યલ બનાવવા માં સહયોગ આપ્યો હતો.

બાળ સંસ્કાર કેન્દ્ર નું સ્પેશ્યલ સેશન રવિવાર તા.૧૩ નવેમ્બર ના રોજ શ્રી પાટીદાર ભવન મુસાપેટ- હૈદરાબાદ મધ્યે ભવ્ય આયોજન કરવામાં આવેલ.

અંદાજીત 50 થી 60 નાના - મોટા બાળકોએ ચેતનય સ્ફૂર્તિ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

આજના સેશનમાં પ્રાથના, સ્લોક, આરતી મોખીક બોલવા માટે તૈયાર કરવામાં આવેલ. સર્વે બાળકોએ કંઠસ બોલતા જોઈ ઉપસ્થિત મહિલાઓ પણ આનંદની લાગણી અનુભવી રહ્યા હતા.

અહીં એક વાત નો ઉલ્લેખનીય કરવાનો છે કે કેંદ્રીય યુવાસંધ દ્વારા મિશન અભિમન્યુ નો પ્રારંભ પણ આ સ્થળ એટલે શ્રી પાટીદાર ભવન મુસાપેટ હૈદરાબાદ માં કરવામાં આવેલ હતો અને એજ સ્થળ મિશન અભિમન્યુ ને સફળ બનાવવા માટે સ્થાનિક મહિલા મંડળ હમેશાં પ્રયત્નતશીલ રહી મિશન અભિમન્યુ ને સફળ બનાવી રહેલ છે અને હમેશાં પ્રયત્નશીલ રહેશે તેમ મંત્રી દમયંતીબેન કિશન લીંબાણીએ જણાવેલ હતું.

આ બાળ સંસ્કાર કેન્દ્ર ના સંચાલક

1). શ્રીમતિ રચના સુનીત ચોધરી

2). શ્રીમતિ હેમલતા દિપક રવાણી

3). શ્રીમતિ લક્ષ્મી ચંદુલાલ લીંબાણી

4). દિપ્તીબેન પંકજ રવાણી હતાં.

શ્રી પાટીદાર ભવન મુસાપેટ હૈદરાબાદ માં અન્ય એક સામાજીક કાર્યક્રમ હોવાથી સમાજ તરફ થી બધા બાળકો માટે બપોરનું ભોજન રાખવામાં આવતા બાળકો ની માતાઓ પણ ખાસ ઉપસ્થિત રહેલ હતાં.

સ્થાનિક મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતિ સંગીતાબેન મહેંદ્ર રવાણી - ઉપ પ્રમુખ શ્રીમતિ પાર્વતીબેન ભગવાનદાસ ચોધરી - માનદ મંત્રી શ્રીમતિ દમયંતીબેન કિશન લીંબાણી ની સાથે કારોબારી સભ્યો મિનાબેન જયંતિલાલ રવાણી, જયશ્રીબેન પ્રફુલ ચોધરી, હેમલતાબેન દામોદર લીંબાણી અને પ્રેમીલાબેન મહેશ લીંબાણી પણ આજના સ્પેશ્યલ સેશન મિશન અભિમન્યુમાં હાજર રહી બાળકો નો પ્રોત્સાહિત કરેલ.

સંકલન : દમયંતીબેન કિશન લીંબાણી - સિકંદરાબાદ

પરિવાર ની સુંદર પરિભાષા

સંસારમાં પ્રભુએ આપેલી અણમોલ ભેટ એટલ્ પરિવાર છે

એટલે બધાની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. ચારે બાજુથી થતા હોય વાર પર વાર તોય સાથે ઉભો રહે તેનુ નામ "પરિવાર"

પિતા થી મોટો કોઈ સલાહકાર નથી,
માં ના ખોળા થી મોટી કોઈ દુનિયા નથી,
ભાઈ થી મોટો કોઈ ભાગીદાર નથી,
બહેન થી મોટી કોઈ શુભચિંતક નથી,
પત્ની થી મોટો કોઈ દોસ્ત નથી,
દિકરા-દિકરી થી મોટા કોઈ મદદગાર નથી,
એટલે જ
"પરિવાર" થી મોટુ કોઈ ધન નથી, અને
એટલા માટે
"પરિવાર" વગર કોઈ જીવન નથી.
ઘડિયાળ ના કાંટા જેવો "પરિવાર" હોવો જોઈએ.
ભલે એક ફાસ્ટ હોય,
ભલે એક ધીમો હોય,
ભલે એક મોટો હોય,
ભલે એક નાનો હોય,
પણ જો કોઈ ના 12 વગાડવા હોય ત્યારે "પરિવાર" ના બધા સાથે જ હોય.

સમય, દોસ્ત અને "પરિવાર" એ એવી વસ્તુ છે કે જે મફત મા મળે છે પણ એની કિંમત ત્યારે જ ખબર પડે છે જ્યારે તે ક્યાંક ખોવાઈ જાય છે.

જો પરમાત્મા ની પાસે કંઈક માંગવુ હોય તો, "પરિવાર" ની એકતા, અને ખુશી માંગજો, કારણ કે

મંદિરો ની બહાર ગરીબો ને "પરિવાર" સાથે હસતા જોયા છે, અને અમીરો ને "પરિવાર" વગર મંદિરો ની અંદર રોતા જોયા છે.

ગામડા માં રહેનાર ની નજર શહેર તરફ છે, શહેર માં ,રહેનાર ની નજર વિદેશ તરફ છે, વિદેશ માં જનાર ની નજર વિશ્વ તરફ છે, પણ આ બધાય દુઃખી છે.

જેની નજર પોતાના "પરિવાર" તરફ છે, એ સૌથી વધુ સુખી છે.

જો "પરિવાર" માં નાની-નાની વાતો ને મોટી કરશો તો "પરિવાર" નાનો થશે.

થોડુ જોયા કરજો,
થોડુ જતુ કરજો,
થોડુ જાતે કરજો,
આ જિંદગી જીવવા જેવી લાગશે.

જય લક્ષ્મીનારાયણ

અંજુ ધોળું, (SNS mission)

સમગ્ર ભારતમાં એક સાથે બાળસંસ્કાર કેન્દ્ર ની શુભ શરૂઆત સાથે દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા રીજીયન માં રાજાપુર મહિલા મંડળ દ્વારા બાળસંસ્કાર કેદ્ર શરૂ કરતી વખતે ડી.એમ.જી. સમાજ ઝોન પ્રમુખ, પુરૂસોત્તમભાઈ હાજર રહી ને આશીર્વચન આપ્યા હતા અને શુભ શરૂઆત કરવામાં આવેલ.

મિશન સામાજિક અને અધ્યાત્મિક સમિતિ દ્વારા સમગ્ર ભારતમાં એક સાથે શરૂ થતાં બાળસંસ્કાર કેન્દ્ર નું આયોજન સફળતા પૂર્વક સંપન્ન થયું તારીખ 13/11/2022 રોજ ફોન્ડા (ગોવા) સમાજમા બાલ સંસ્કાર ની શરુવાત કરવામાં આવી. મહિલા મંડળના પ્રમુખશ્રી તેમજ મંત્રીશ્રી ના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ની શરુવાત કરવા મા આવી.

બાળકો એ ૐ નાદ, સ્લોક, બાલ વાર્તા, બાલ ગીત, તેમજ લક્ષ્મીનારાયણ ની આરતી કરી. તેમજ બાળકોને નવી રમત રમાડી. છેલ્લે રાષ્ટ્ર ગીત ગઈ કાર્યક્રમ ને વિરામ આપવામાં આવ્યો.

શ્રીરામપુર યુવા મંડળ દ્વારા બાળ સંસ્કાર કેન્દ્ર અંગે તા: 13/11/022 રવિવાર ના સામાજિક અને આધ્યાત્મિક ના લીડર સૌ. હેમાબેન હરસુખ પદમાણી અને સંચાલિકા સૌ. રેખાબેન પોકાર દ્વારા બાલ સંસ્કાર કેન્દ્ર શરૂ કરવામા આવેલ. આ કાર્યક્રમ મા સ્થાનીક સમાજ ના મહિલા મંડળ ના પ્રમુખ, તેમજ યુવા મંડળ ના પ્રમુખ, તેમજ સમાજના મહિલા મંડળ / યુવા મંડળ ના કારોબારી સદસ્ય ના ઉપસ્થિતી મા આ બાલ સંસ્કાર કેન્દ્ર નું ઉદઘાટન કરવામાં આવેલ.

યુવા મંડળ તેમજ મહિલા મંડળ એ આ ટીમ ને સારું સામાજિક અને અધ્યાત્મિક કાર્ય કરતા રહે તે બદલ શુભેચ્છાઓ આપી

આજે વિશ્વ ડાયાબિટીસ દિવસ:

વિશ્વ ડાયાબિટીસ દિવસ દર વર્ષે ૧૪ નવેમ્બરે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આ દિવસ ને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવામાં આવે છે. આની ઉજવણી કરવાનો મુખ્ય હેતુ લોકોને ડાયાબિટીસ અંગે જાગૃત કરવાનો છે. જેના દ્વારા લોકોને આ બીમારી વિશે જાગૃત કરવામાં આવે છે.

દેશમાં 5.70 કરોડ ડાયાબીટીસના પેશન્ટ છે,

ડાયાબીટીસ એક ખતરનાક રોગ છે. લોહીમાં ખાંડનું સ્તર વધવા લાગે છે અને વ્યકિતની ધીમી ગતિએ પીડાવાની પ્રક્રિયા થાય છે. આ રોગ લાંબા સમયે એક મોટું રૂપ ધારણ કરી લે છે. જે વ્યકિતના મૃત્યુનું કારણ બની શકે છે. જયાં સુધી તમે ડાયાબીટીસ થવાના કારણોને નહિ સમજો ત્યાં સુધી તેનો ઇલાજ કરવો મુશ્કેલ બની જાય છે. ડાયાબીટીશને જાણવા થી અને સમજવાથી અને ચરી પાળવાથી ડાયાબિટીસ સાથે સ્વસ્થ જીંદગી જીવી શકાય છે

ડાયાબીટીશના ત્રણ મુખ્ય પ્રકારો છે

(1) ટાઇપ-૦૧ ડાયાબીટીસ:- તમારું શરીર ઇન્સ્યુલિન બનાવતું નથી. આ એમ સમસ્યા છે કારણ કે તમે જે ખોરાક ખાઓ છો તેમાંથી શર્કરા લેવા માટે અને તેની મદદથી તમારા શરીર માટે તેને ઉર્જામાં ફેરવવા માટે તમારે ઇન્સ્યુલિનની જરુર પડે છે. જીવન જીવવા માટે તમારે દરરોજ ઇન્સ્યુલિન લેવાની જરુર પડે છે.

(૨) ટાઇપ-૨ ડાયાબીટીસ:- તમારું શરીર ઇન્સ્યુલિન બનાવતું નથી કે તેને સારી રીતે ઉપયોગ કરતું નથી. તમારા ડાયાબીટીસને કાબુમાં રાખવા માટે તમારે ગોળીઓ કે ઇન્સ્યુલિન લેવાની જરુર પડી શકે છે. ટાઇપ-૨ એ ડાયાબીટીસનો સૌથી સામાન્ય પ્રકાર છે.

(3) ગેસ્ટેશનલ (સગર્ભાવસ્થા દરમિયાનનો) ડાયાબીટીસ:- અમુક સ્ત્રીઓને ગર્ભવતી હોય છે ત્યારે આ પ્રકારનો ડાયાબીટીસ થાય છે. મોટાભાગે, બાળકનો જન્મ થઇ ગયા બાદ તે દૂર થઇ જાય છે. જો કે તે દૂર થઇ જતો હોવા છતાં આવી સ્ત્રીઓ અને તેમના બાળકોને જીવનના પાછલા ભાગમાં ડાયાબીટીસ થવાની વધુ સંભાવના રહેતી હોય છે.

ઘણા લક્ષણો છે કે ડાયાબીટીસના પ્રારંભમાં થઇ શકે છે

(1) વારંવાર પેશાબ લાગવો:- જયારે તમને હાઇ બ્લડ સુગર હોય, ત્યારે તમારી કિડની સુગરને બરાબર ફિલ્ટર કરવાનાં અસમર્થ હોય છે. જેના કારણે પેશાબમાં ખાંડ એકઠા થઇ જાય છે. આ વારંવાર પેશાબમાં પરિણામે છે, તે બેકટેરિયલ અને આથો ચેપ પણ પેદા કરી શકે છે. જો તમે સામાન્ય કરતા વધારે વખત બાથરૂમનો ઉપયોગ કરી રહ્યા છે, તો ડાયાબીટીસનું નિશાની હોઇ શકે છે.

(૨) અસ્પષ્ટ વજન ઘટાડો:- જો તમને હાઇબ્લડ સુગર હોય તો તમારૂ શરીર અનપેક્ષિત રીતે વજન ઘટાડવાનું શરુ કરશે. આવું થાય છે. કારણ કે તમારું શરીર તમને ઉર્જા પ્રદાન કરવા માટે ગ્લુકોઝનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં અસમર્થ છે. આમ, તે તમારા શરીરમાં ચરબી, બર્ન કરવાનું શરુ કરે છે. જેના પરિણામે અચાનક વજન ઓછું કરી રહ્યા છે. તો તે એક સંકેત હોઇ શકે છે કે તમે ડાયાબીટીસ છે.

(3) દ્રષ્ટિને નુકશાન:- ઉચ્ચરકત ખાંડનું સ્તર તમારી દ્રષ્ટિને નુકશાન પહોચાડે છે. તે તમારી આંખના સ્વાસ્થ્યનો નકારાત્મક અસર કરી શકે છે. અને દ્રષ્ટિને નુકશાન પહોચાડે છે. તે તમારી આંખના સ્વાસ્થ્યને નકારાત્મક અસર કરી શકે છે. અને દ્રષ્ટિની ખોટનું જોખમ વધારે છે. નજરમાં અચાનક ફેરફારને હળવાશથી લેવી જોઇએ અને તમારે તમાર ડોકટરની સલાહ લેવી જ જોઇએ.

(4) ત્વચા વિકૃતિ કરણ:- ઇન્સ્યુલિન પ્રતિકાર ત્વચા રંગ દ્રવ્ય તરફ દોરી શકે છે. ખાસ કરીને ગળા, સંયુકત વિસ્તારો અને પગની આસપાસ ત્વચામાં અચાનક કાળાશ થાય એટલે ડોકટરની સલાહ લેવી જોઇએ.

(૫) અતિશય થાક:- જો તમે યોગ્ય રીતે આરામ કરવા અને આરોગ્યપ્રદ રીતે ખાવા છતાં થાક અનુભવો છો. તો તે ડાયાબીટીસની ચેતવણી ચિન્હ હોઇ શકે છે. દર્દીઓ શ્રમ કર્યા વિના પણ ડિ હાઇડ્રે ટેડ અને થાક અનુભવે છે.

જયારે તમે ડાયાબીટીસ સાથે જીવતા હોય ત્યારે તમને કચડાયેલા હોવાની દુઃખી હોવાની કે ગુસ્સો હોવાની અનુભૂતિ થવી તે સામાન્ય છે. ડાયાબીટીસમાં સારો આહાર લેવો જોઇએ. અને તેને અંકુશમાં રાખવા માટે તણાવને ઘટાડવા શીખો, તણાવ તમારી બ્લડ સુગર વધારી શકે છે. ઊંડા શ્વાસોશ્વાસ લેવાનો, લાવકામ કરવાનો, ચાલવા જવાનો, ધ્યાન કરવાનો, તમારા શોખ પર કામ કરવાનો પ્રયત્ન કરો. ખોરાકમાં ઓછી માત્રામાં કલેરી, સેચ્યુરેટેડ ફેટ, ટ્રાન્સફેટ, શર્કરા અને મીઠા ધરાવતા ખોરાકની પસંદગી કરવી જોઇએ, વધુ રેસા ધરાવતા ખાદ્ય પદાર્થ ખાઓ જેવા કે આખા દાણાવાળા કઠોળ, ભાત, ફળો, શાકભાજીઓ, આખા અનાજ, ઓછી ચરબીવાળા કે સ્કીમ દૂધ અને ચીઝ, જયુસ વગેરે દરરોજ 3 વખત 10 મિનિય ચાલવાની ટેવ રાખો, ડાયાબીટીસના સંચાલન માટે નાના અને વારંવાર ભોજન લેવું કસરત કરવી અને તંદુરસ્ત જીવનશૈલી જાળવવી મહત્વપૂર્ણ છે. કારણ કે હાઇ બ્લડ સુગરની જયારે લાંબા સમય સુધી સારવાર ન કરવામાં આવે તો તે તમારા જીવન માટે જોખમ ઉભું કરી શકે છે.

સંકલનડો. વિપુલ છાભૈયા,
નરોડા.

શ્રીમદ્ દેવી ભાગવત કથા, માં ઉમિયાધામ , નાગપુર (03)

શ્રીમદ્ દેવી ભાગવત કથા ના ત્રીજા દિવસે કથા ની શરૂઆત પહેલા જીજ્ઞેશ દાદા (રાધે રાધે) એ આજ નાગપુર સ્થિત આપણી સમાજ ના જ ભાઈઓ દ્વારા સંચાલિત ભારતી દીદી ગૌશાળા સંસ્થા ની મુલાકાત લીધી હતી.

દાદા એ ગૌસેવા નાં આ મહાન કાર્ય ની સરાહના કરેલ હતી .

શ્રીમદ્ દેવી ભાગવત કથા ના તૃતીય દિવસ નો આરંભ ભક્તિમય વાતાવરણ માં માતા દુર્ગાના ચરણોમાં ભાવ પુષ્પ સાદર સમર્પિત કરીને મંગળ ગાથા સાથે માં ના ગુણવત્તા ભર્યા મંગલાચરણ થી કરવામાં આવ્યો હતો.

વક્તા શ્રી જીજ્ઞેશ દાદા (રાધે રાધે) ની મીઠી અમૃતવાણી થી માતા નવદુર્ગા ના આવાહન ની સાથે શ્રીમદ્ દેવી ભાગવત કથા નું માહત્મ્ય ગાથા ગાઈને વર્ણવીને વર્ણન કર્યું હતું. જેમ નદીઓ માં પવિત્ર મહાન ગંગા છે, દેવો માં મહાન ભગવાન શંકર છે, કાવ્યો માં મહાન રામાયણ છે, તેજસ્વીતા માં મહાન સૂર્ય છે, ક્ષમાશીલ માં પૃથ્વી મહાન છે, મંત્રો માં ગાયત્રી મંત્ર મહાન છે. તેમ ૧૮ પુરાણોમાં મહાન ગ્રંથ શ્રીમદ્ દેવી ભાગવત ગ્રંથ છે.

તેની ટૂંકમાં જાણકારી આપતા કહ્યું હતું કે ૧૮ પુરાણોમાં શ્રીમદ્ દેવી ભાગવતનો ક્રમ એ પાંચમો છે. શ્રીમદ્ દેવી ભાગવતનાં ૧૨ સ્કંધ છે, ૩૧૮ અધ્યાય છે અને ૧૮ હજાર શ્લોકો છે. શ્રીમદ્ દેવી ભાગવતનો પરિચય સ્કંદ પુરાણના માનસખંડમાં આપવામાં આવ્યો છે. આ દેવી ભાગવત કથામાં જગદંબા માતાના ત્રિગુણાત્મક સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, તે વિષય પર અને વાગબીજ મંત્ર, યોગ નિદ્રા , માતાની શક્તિ, ચંદી પાઠ વિષય પર ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાન પિરસિયું હતું. સાથે સાથે હિન્દુ વૈદિક ધર્મ સંસ્કૃતિમાં આવતા ચાર આશ્રમને સંક્ષિપ્ત માં વર્ણવ્યા હતા.

સત્- ચિત્ત- આનંદ સ્વરૂપ ભક્તિ- મુક્તિ દાતા માં જગદંબા સ્વયં દેવીભાગવતમાં બિરાજમાન છે. દેવી ભાગવત જગદંબા માતાની મંગલમૂર્તિ છે. જે મનુષ્ય શ્રદ્ધા- ભક્તિ સાથે દેવીની આ ભાગવત કથાનું શ્રવણ કરે છે, તેને રિદ્ધિ- સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કળિયુગમાં આ ગ્રંથના શ્રવણનું તાત્કાલિક ફળ મળે છે તેનું જ્ઞાન આપ્યું હતું.

શ્રીમદ્ દેવી ભાગવતના શ્રવણ, કીર્તન, મનનથી સાંસારિક સુખ પ્રાપ્તિ થાય છે અને આધ્યાત્મ માર્ગે પ્રગતિ થાય છે.

આસો, ચૈત્ર , વૈશાખ અને જેઠ એમ ચાર મહિનામાં આવતા નવરાત્રીના પાવન પર્વ દરમિયાન આ કથાનું વાંચન - શ્રવણ સુખ- શાંતિ નો અનુભવ કરાવે છે. તે વિષય પર વિસ્તૃત કથન કર્યું હતું. નવરાત્રી દરમિયાન આ કથા કરવામાં આવે તો તે "નવાહ્ન યજ્ઞા" કહેવાય છે. આધિ-વ્યાધિ- ઉપાધિ દૂર થાય છે. સુખ, સંપત્તિ અને સંતતિ આપનારી, ઘરને પવિત્ર કરનારી, વિદ્વતા- તેજમાં વધારો કરનારી ધન-ધાન્યથી સમૃદ્ધ બનાવનારી અને અધ્યાત્મ માર્ગ સુલભ બનાવનારી છે તેવા વિવિધ પ્રકારના દૃષ્ટાંત સાથે અધ્યન કરાવ્યું હતું.

માહાત્મ્ય કથાઓમાં રાજા સુદ્યુમ્નની કથા દેવી ભાગવતમાં અપ્રતીમ આ કથા તથા કાર્તિકેય રેવતી નક્ષત્રની કથા જેવી કથાઓનું અમૃતપાન કરાવ્યું હતું. જે ઘરમાં રોજ શ્રીમદ્ દેવી ભાગવતનું કથા- કીર્તન થાય છે. પૂજા થાય છે એ ઘર પવિત્ર તીર્થભૂમિ બને છે. ધનધાન્યથી સમૃદ્ધ બને છે. આધિ- વ્યાધિ- ઉપાધિ દૂર થાય છે. સંતાન પ્રાપ્ત થાય છે . દીર્ઘાયુ મળે છે તેવા વિવિધ દ્રષ્ટાંત થી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

વકતાશ્રી દ્વારા આજના આધુનિકતા ના ઘેરવા માં ઘેરાઈને અંધશ્રધ્ધા નાં અહંકારમાં ના જતાં સાચી શ્રધ્ધા સાથે શુભ મુહૂર્ત માં શુભ કાર્ય કરો, ધર્મ ગ્રંથો ને વેદોનું ઉલ્લંઘન ના કરો, કર્મનો સિદ્ધાંત, કથાને શ્રવણ કરતા શ્રોતા કેવા હોવા જોઇએ તે વિષય પર સાચી સમજ આપી હતી. સાથે સાથે પારિવારિક સંબંધો ,સેવા ભાવ, આદર - સત્કાર જેવા વિષયો પર જ્ઞાન પ્રકાશિત કર્યું હતું. ત્યારબાદ દાતાશ્રીઓ દ્વારા માં ઉમિયાની આરતી કરીને કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

Sanyojk-
જ્યોતિ રાજેશ સેંઘાણી.
સામાજિક અને આધ્યાત્મિક સમિતિ.
વિદર્ભ રીજીયન.

રદ્દી સે સમૃદ્ધિ

સનાતની શતાબ્દી મહોત્સવ -2023 ઉજવશે, તેની પૂર્વ તૈયારી ના ભાગરૂપે રદ્દી થી સમૃદ્ધિ મિશન અંતર્ગત વિરાણીમોટી પાટીદાર યુવા મંડળ દ્વારા પ્લાસ્ટિક , પેપર , પૂંઠા , લોખંડ વગેરે જેવી રદ્દી એકત્રિત કરીને દરેક ઘર આ મહોત્સવમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે યોગદાન આપ્યું.

આ રદ્દી ભેગી કરવા માટે શ્રી વિરાણમોટી પાટીદાર યુવા મંડળ પ્રમુખ, ધનશ્યામ મગનભાઇ નાયાણી સાથે તેમની ટીમ દ્વારા રવિવારે તારીખ:-13/11/2022 ના બપોરના 4:00 વાગ્યાથી લઈને 8:00 વાગ્યા સુધી ઘરે ઘરે જઈ એકત્ર કરવાનું કાર્ય કરેલ.

હેલ્થ અપડેટ

શિયાળામાં આ ફળ આહારમાં સામેલ કરો, ઈમ્યૂનિટીમાં વધારો થશે

શિયાળાની ઋતુ આવી ગઈ છે. બદલાતી ઋતુમાં લોકો મોટાભાગે બીમાર રહેતા જોવા મળે છે. આ દરમિયાન ચેપી રોગોનો પ્રકોપ પણ ચરમસીમાએ હોય છે. ઓક્ટોબર મહિનામાં દેશભરમાં ડેન્ગ્યૂ અને મેલેરિયાના હજારો ગંભીર કેસ નોંધાયા છે. જો તમારી રોગપ્રતિકારક શક્તિ સારી છે, તો તમારે આ ગંભીર રોગો વિશે ઓછી ચિંતા કરવાની જરૂર છે અને તમે બીમાર થયા પછી પણ ઝડપથી સ્વસ્થ થઈ જાઓ છો. અહીં કેટલાક સસ્તા ફળો છે જે તમારી રોગપ્રતિકારક શક્તિને વધારશે.

તારા આકારનું આ ફળ એન્ટિઓક્સિડેન્ટ ગુણોથી ભરપૂર છે. તેમાં રહેલા વિટામિન સીને કારણે લોકોની રોગપ્રતિકારક શક્તિ વધે છે, જે ચેપી રોગોનું જોખમ ઘટાડે છે. કમરખામાં કેલરી ઓછી હોવાને કારણે તે શરીરનું વજન વધતું અટકાવે છે. બહુ ઓછા લોકો જાણે છે પરંતુ સ્ટાર ફ્રૂટ એન્ટિએજિંગનું પણ કામ કરે છે.

તમને જણાવી દઈએ કે કિવિ અને સ્ટ્રોબેરી બન્ને ફળોમાં વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. જેના કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. કોરોનાના સમયમાં કિવિનો વપરાશ નોંધપાત્ર રીતે વધી ગયો હતો. તમને જણાવી દઈએ કે કિવિમાં લગભગ ૮૫ મિલિગ્રામ વિટામિન સી હોય છે, જ્યારે સ્ટ્રોબેરીમાં લગભગ ૧૦૦ મિલિગ્રામ વિટામિન સી હોય છે.

પપૈયા પાચન તંત્ર પર સારી અસર દર્શાવે છે. પપૈયા અને જામફળમાં પણ વિટામિન સી પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. તેને ખાવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તમને જણાવી દઈએ કે પપૈયાના ડંખમાં લગભગ ૮૮ મિલિગ્રામ પોષક તત્ત્વોહોય છે જ્યારે જામફળમાં ૨૦૦ મિલિગ્રામ પોષક તત્ત્વો હોય છે.

અવસાન નોધ

સ્વ: હરજી ભીમજી દડગા ઉંમર 75 વર્ષ | 13/11/2022 ગામ :- જિયાપર (નારાયણ નગર) તા નખત્રાણા	સ્વ: શામજી ભાણજી ચોપડા ઉંમર 77 વર્ષ | 13/11/2022 ગામ :- જિયાપર (નારાયણ નગર) તા નખત્રાણા	સ્વ. રતનશીભાઈ વીરજી વાડિયા ઉંમર 76 વર્ષ | 12/11/2022 કચ્છ માં : દેશલપર (ગુંતલી) સ્થાનિક

H.K. DOORS

HK DOORS
First IMPRESSION of your HOUSE

BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME

TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva
Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground